# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-12-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## ભારત રશિયા શિખર સંમેલન:

ભારત અને રશિયાએ ગઈકાલે સંરક્ષણ, વેપાર, અર્થતંત્ર, આરોગ્યસંભાળ, શિક્ષણ, સંસ્કૃતિ અને મીડિયા સંબંધિત ક્ષેત્રોમાં 16 કરારો પર હસ્તાક્ષર કર્યા. નવી દિલ્હીમાં 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત-રશિયા મિત્રતા વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે શક્તિ પ્રદાન કરશે અને આ વિશ્વાસ બંને દેશો માટે એક સહિયારું ભવિષ્ય સુનિશ્ચિત કરશે.

તેમણે કહ્યું કે ભારત અને રશિયા આતંકવાદ સામેની લડાઈમાં ખભે ખભો મિલાવીને ઉભા છે. તેમણે ભારતના અટલ વિશ્વાસનો પુનરોચ્ચાર કર્યો કે આતંકવાદ માનવતાના મૂલ્યો પર સીધો હુમલો છે અને કહ્યું કે વૈશ્વિક એકતા આતંકવાદ સામે સૌથી મોટી શક્તિ છે.

---------------------------------------------------------------------------------------------------

## ઉપરાષ્ટ્રપતિ-રાજ્ય મુલાકાત:

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન પદ સંભાળ્યા પછી આજે પહેલી વાર ગુજરાતની મુલાકાત લેશે. ઉપરાષ્ટ્રપતિ કાર્યાલયે જણાવ્યું હતું કે તેમની મુલાકાત દરમિયાન, તેઓ એકતા નગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ ઉજવણીના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

---------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી-રાજ્ય મુલાકાત:

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે દેશના કુલ ઘરેલુ ઉત્પાદન-GDPમાં સહકારી ક્ષેત્રનું યોગદાન વર્ષ 2023 ની સરખામણીમાં ત્રણ ગણુ વધારવાની સરકારની નેમ વ્યક્ત કરી. ગુજરાતના ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે બે દિવસીય "અર્થ સમિટ"નો શુભારંભ કરાવતા શ્રી શાહે કહ્યું, સહકારી ક્ષેત્રના વિકાસ માટે દરેક પંચાયત દીઠ એક સહકારી સંસ્થા બનાવાશે.

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું, આગામી સમયમાં દેશમાં સહકાર ટેક્સી અને સહકાર વીમા સેવાઓ પણ અમલમાં આવશે.

સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું, બનાસકાંઠા-પંચમહાલનું "કો-ઓપરેશન એમોંગ્સ કો-ઓપરેટિવ" મોડલ જરૂરી સુધારા બાદ સમગ્ર દેશમાં લાગુ કરાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, કૃષિ, ગ્રામીણ, માનવતા અને નવાચારના સશક્તિકરણ માટે યોજાઇ રહેલી આ સમિટ ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવવાના વિચારોને સુસંગત છે. આ સમારોહ દરમિયાન કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહના હસ્તે "સહકાર સારથી" પહેલ તેમજ તેની ડિજિટલ સેવાઓનો શુભારંભ કરાયો.

---

## એક ગત્યની જાહેરાત,પ્રાસંગિક-સમાચાર સમય પરિવર્તન:

અગત્યની જાહેરાત:

આકાશવાણી ભુજ પરથી પ્રસારિત થતું સવારનું બુલેટિન અને પ્રાસંગિક હવે આગામી ૭ ડિસેમ્બર થી નવા સમયે રજૂ થશે.

સમાચાર બુલેટિન સવારે ૬ વાગીને ૫૦ મિનિટને બદલે ૭ વાગીને ૪૦ મિનિટ અપાશે જ્યારે પ્રાસંગિક ૬ ને ૪૫ ને બદલે ૦૭ વાગીને ૩૫ મિનિટે પ્રસારિત થશે.

જાહેરાત પુરી થઈ

---

## કચ્છ-મતદારયાદી સુધારણા ઝુંબેશ:

કચ્છ સહીત સમગ્ર રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11મી ડિસેમ્બર સુધી ચાલશે અને ડ્રાફ્ટ મતદાર યાદી 16 ડિસેમ્બરે પ્રકાશિત થશે. ભૂજના વેપાર ઉદ્યોગના અગ્રણી કમલ ગઢવીએ કહ્યું કે મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં તમામ લોકોએ સક્રિય રીતે ભાગ લેવો જોઇએ અને તાત્કાલિક ફોર્મ ભરવા જોઇએ.

(કમલ ગઢવી- વેપાર ઉદ્યોગના અગ્રણી-ભુજ)

---

## ભુજ-સામાજીક અગ્રણી-મૃદુલચંદ્ર ધોળકિયાનું અવસાન:

ભુજના સામાજિક અને જાહેર જીવનના અગ્રણી મૃદુલચંદ્ર ધોળકિયાનું ગઈકાલ.પાંચ ડિસેમ્બરના અવસાન થયું છે તેમની વય 89 વર્ષના હતા તેઓ ભેખધારી પત્રકાર ફૂલશંકર પટ્ટણી સ્મારક સમિતિ ના અધ્યક્ષ હતા.

---

## ક્રિકેટ:

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ત્રીજી અને અંતિમ વન ડે મેચ આજે વિશાખાપટનમ ખાતે રમાશે. બન્ને દેશોએ એક એક મેચ જીતી શ્રેણી સરભર કરી છે. તેથી આજની મેચ નિર્ણાયક માનવામાં આવે છે.

---